





મિડિયાની પ્રચાર મહેંદીનો ઉડે છે રંગ!
અને એમના નામના વેવનો, ઉડે છે રંગ!
ઉડ્યો રંગ જાદુઇ વચનોની પિચકારીનો -
'હિંદુત્વ-નિવેદનો'ની હોળીનો ઉડે છે રંગ!




'રાજધર્મ' માં
ચ્હેરે આવી ફિક્કાસ -
ઉડ્યો છે રંગ..
(કટ્ટર સભ્યો 'મેસ' લગાડે છે)

'આપ'ના સભ્યો
ખેલે પદ ધૂળેટી -
ઉડે છે રંગ..
('સત્તા' કેમિકલ રંગોની રમત)

## ચિંતન

**દુર્વાંકુર તૃણાહારા ધન્યાસ્તાતે વને મૃગાઃ । બિભવોન્મત્તા વિતાનાં ન પશ્યન્તિ મુખાનિ યત્ ॥ ૧ ॥**
**સેયમ પ્રસ્તુતૈવાત્ર મૃગવૃત્તિઃ પશમસ્યતે । રાજાનુવર્તન કલેશાનિ વિષ્ણેન મનસ્વીની ॥ ૨ ॥**

(૧) ખરેખર હે ભાઇ, દુર્વા-અંકુર-ઘાસ-પાન ખાઇને જંગલમાં ભમનારાં મૃગલાંને ધન્ય છે કારણ કે તેમને, વૈભથી મદમાં છકેલા ચિત્તવાળા ધનિકોનાં મુખ સામે તો નથી જોવું પડતું - અર્થાત્ દૈન્યભાવથી તેમની પાસ જઇને ખાવા-પીવા-પેટ ભરવા યાચના તો નથી કરવી પડતી.

(૨) રાજાના અપમાનોથી ખેદ પામેલ, મનસ્વી સ્વમાની જન, કોઇ પણ કારણ કે પ્રસંગ વિના જ સ્વમાની જન, કોઇ પણ કારણ કે પ્રસંગ વિના જ આપોઆપ એકદમ, મૃગલાંની વૃત્તિ અને નીતિ ને મનમાં જ વખાણે છે.

કોઇ ધનિક, શેઠ, બોશ-અધિકારી વિનાકારણ - સમજ્યા વિના - કોનો દોષ છે તે જાણ્યા વિના, ઠપકો આપી જયારે અપમાન કરે ત્યારે સ્વમાની-મનસ્વીને હૃદયમાં ખૂબ આઘાત થાય છે અને આવા લોકોની સેવા કરવા કરતાં નિર્ભય-નિશ્ચિંત મૃગનું જીવન વખાણે છે.

## સુવિચાર

- જે રીતે સમૃદ્ધિનું ઉત્પાદન કર્યા વિના તેનો ઉપભોગ કરવો એ સામાજિક અન્યાય છે તેવી જ રીતે સુખનું સર્જન કર્યા વિના સુખી થવાનું સ્વપ્ન જોવું તે પાપ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવન સતત કંઇક આપે પણ છે, અને જીવન કંઇક લઇ પણ લે છે, એ સ્વીકારવાની યોગ્યતા માણસે પ્રાપ્ત કરવી પડે છે **- મુનિ ભાનુચંદ્રજી**
- મૃત્યુ ઇશ્વરમાં વિશ્વાસ અને અવિશ્વાસ બંને લાવી દે છે, એ આત્માની અંતિમ હાર છે જેને આત્માની મુક્તિ કહેવાનો રિવાજ છે **- રજનીશ**
- ઘોડાને ચાર પગ હોય છે, તો પણ કયારેક તે પણ ઠોકર ખાઇ જાય છે **- ઇટાલીયન કહેવત**
- પેટનું ધ્યાન રાખો અને બાકીનું શરીર પોતાનું ધ્યાન રાખી લેશે **- યોગસૂત્ર**
- નિરાશ થાઉં જયારે ત્યારે પણ આશા ન જાયે, શ્રદ્ધા મારી થાય ન ખંડિત અંતર સબળું થાયે **- બકુલ બક્ષી**
- જયારે તમે એવી સમજ કેળવો કે શાંતિ મારી પોતાની ભીતર છે જ, ત્યારે તમને બહારની કોઇ અશાંતિ તમારી શાંતિને ડહોળી નહી શકે **- હંસલ ભચેચ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આળશુ લોકો અને પરિશ્રમથી પુરુષાર્થથી પલાયન કરનારાં લોકો નશીબ-ભાગ્ય-વિધાતા પર પોતાના બધાં પ્રદૂષણ નાખી ગોદડાં ઓઢી સૂઇ જાય છે. વાસ્તવમાં સાહસ-ઉત્સાહ-મન અને પરિશ્રમથી જ બધું પ્રાપ્ત થઇ જ જાય છે.

જૂના સમયના જાપાનના એક નાનાં રાજયના એક શહેર પર દુશ્મનો ચઢી આવ્યા. સેનાપતિ નાબુગાના પોતાના સૈનિકોની આરામપ્રિય વૃત્તિથી વાકેફ હતા અને સાથે સૈન્ય ભગવાન અને નશીબમાં માનનારા પણ હતા.

યુદ્ધ શરૂ થયાં પહેલાં - જોમ જગાડવાનું ભાષણ સેનાપતિએ કર્યું અને અંતે કહ્યું હું એક સિક્કો ઉછાળું છું જો 'માથું' આવશે તો આપણે જીતીશું એવો ઇશ્વરીય સંકેત સમજવો અને 'કાંટો' પડે તો હારવાના છીએ એમ સમજવું..

સેનાપતિએ એક સરદારને બોલાવી સિક્કા ઉછાળતી વખતે હાજર રાખ્યો. સિક્કો જમીન પર પડ્યો અને સરદાર ઉછલી ઉઠ્યો અને જાહેર કર્યું. 'માથું' પડ્યું છે આપણે 'જીત્યા..'

અને સૈનિકોમાં અદમ્ય જોમ-જુસ્સો પ્રગટ્યાં નસીબ આપણી સાથે જ છે એમ કહી ચીચીયારીઓ પાડવા લાગ્યા. યુદ્ધ થયું અને જીત્યા પણ ખરા..

... ખરેખર તો સેનાપતિએ એક એવો સિક્કો બનાવી રાખ્યો હતો જેની બંને બાજું 'માથું' જ હતું.. સાચી લગની-મન-ઉત્સાહથી જ સફળતા મળે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# ભારતમાં સૌ પ્રથમવાર વસતી ગણતરી કયારે કરવામાં આવી હતી?

## ભારતીય અર્થવ્યવસ્થા

(૧) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાનું એકમાત્ર વિદેશમાં મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) લંડન (બ) મોસ્કો
(ક) સિડની (ડ) વોશિંગ્ટન

(૨) ભારતી બેંકોના રાષ્ટ્રીયકરણની ભલામણ કઇ સમિતિએ કરી હતી?
(અ) નાણાવટી સમિતિ (બ) શિવરામન સમિતિ
(ક) શાહ સમિતિ (ડ) હજારી સમિતિ

(૩) વીમા નિયામક અને વિકાસ પ્રાધિકરણનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) બેંગ્લોર (બ) મુંબઇ
(ક) હૈદરાબાદ (ડ) કોલકાત્તા

(૪) ભારતમાં સૌપ્રથમ ચલણી સિક્કો કયારે બહાર પાડવામાં આવ્યો હતો?
(અ) ૧૫૪૨ - શેરશાહ સૂરીએ (બ) ૧૫૬૦ - બાબરે
(ક) ૧૫૪૨ - અનવર ખાને (ડ) ૧૫૬૦ - વઝી અલીએ

(૫) એક્સિસ બેંકનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) અમદાવાદ (બ) મુંબઇ
(ક) દિલ્હી (ડ) પટના

(૬) ભારતમાં કઇ વસ્તુઓમાંથી સૌથી વધુ વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત થાય છે?
(અ) પેટ્રોલિયમ (બ) રત્ન અને આભૂષણો
(ક) ખેત ઉત્પાદન (ડ) ઇલેકટ્રોનિક્સ ઉત્પાદકો

(૭) બોમ્બે સ્ટોક એક્સચેન્જની સ્થાપના કયારે કરવામાં આવી હતી?
(અ) ૧૮૭૫ (બ) ૧૯૦૦
(ક) ૧૯૩૦ (ડ) ૧૯૪૮

(૮) ભારતમાં શેરબજાર પર નિયંત્રણ કોણ કરે છે?
(અ) રિઝર્વ બેંક (બ) નાણાં મંત્રાલય
(ક) આયોજન પંચ (ડ) સેબી

(૯) રેલ્વે બજેટ અલગ રીતે રજૂ કરવાની ભલામણ કઇ સમિતિએ કરી હતી?
(અ) નાણાવંટી સમિતિ (બ) ઓકવર્થ સમિતિ
(ક) શિવરામ સમિતિ (ડ) હજારી સમિતિ

(૧૦) વેટ લાગુ કરનાર ભારતનું પ્રથમ રાજય કયું છે?
(અ) હરિયાણા (બ) ગુજરાત
(ક) હિમાચલ પ્રદેશ (ડ) પંજાબ

(૧૧) ભારતીય માનવ વિકાસ રિપોર્ટ - ૨૦૧૧માં પ્રથમ સ્થાને કયું રાજય છે?
(અ) ગુજરાત (બ) આંધ્રપ્રદેશ
(ક) કેરળ (ડ) મહારાષ્ટ્ર

(૧૨) ભારતમાં સૌ પ્રથમવાર વસતી ગણતરી કયારે કરવામાં આવી હતી?
(અ) ઇ.સ. ૧૯૫૧ (બ) ઇ.સ. ૧૯૮૨
(ક) ઇ.સ. ૧૯૮૫ (ડ) ઇ.સ. ૧૯૯૦

(૧૩) રાષ્ટ્રીય મત્સ્યવિકાસ બોર્ડનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) મુંબઇ (બ) ઓખા
(ક) કોલકાત્તા (ડ) હૈદરાબાદ

(૧૪) રાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જનો મુખ્ય પ્રમોટર કોણ છે?
(અ) રિઝર્વ બેંક (બ) આઇ.ડી.બી.આઇ. બેન્ક
(ક) આઇ.સી.આઇ.સી. બેંક (ડ) એક્સીસ બેન્ક

(૧૫) 'ડોલેક્ષ' કયા શહેરના શેરબજારનો શેરમૂલ્ય સૂચકાંક છે?
(અ) મુંબઇ (બ) દિલ્હી
(ક) કોલકાત્તા (ડ) ચેન્નઇ



## ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૬ માર્ચ ૧૯૩૭ વેલેન્ટીના ટેરેસ્કોવા - સોવિયેટ અવકાશયાત્રી, પ્રથમ મહિલા અવકાશયાત્રી - ૧૯૬૧માં અવકાશમાં જનાર
- ૬ માર્ચ ૧૯૧૭ હેરી કૂવર - અમેરીકન કેમિસ્ટ - ૧૯૫૧માં સુપર ગ્લુ (એડવેશીવ) શોધનાર
- ૭ માર્ચ ૧૯૩૦ સ્ટેનલી લોયડ મિલર - અમેરીકન કેમિસ્ટ, ૧૯૫૩માં ઘણાં - બધાં ઓરગેનિક કેમિકલ્સ શોધનાર.
- ૭ માર્ચ ૧૯૦૯ રોજર રેલવે - અમેરીકન સમુદ્રશાસ્ત્રી, સમુદ્ર, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ શાસ્ત્રના વૈજ્ઞાનિક
- ૮ માર્ચ ૧૯૦૨ ટોમ બ્લેક - અમેરીકન વૈજ્ઞાનિક 'હોલો-કોર સર્ફબોર્ડ' ના શોધક.
- ૮ માર્ચ ૧૮૭૯ ઓટ્ટો હામ - જર્મન ફિઝીકલ કેમીસ્ટ, ૧૯૪૪માં નોબેલ પ્રાઇઝ વિજેતા, ન્યૂક્લીઅર ફ્યુઝનના શોધક
- ૯ માર્ચ ૧૯૦૦ હોવર્ડ હાઇવે આઇકેન - અમેરીકન મેથેમેટીશીયન હાવર્ડ માર્ક-૧ ઇલેક્ટ્રોનિક ડિઝીટલ કોમ્પ્યુટરના શોધક
- ૯ માર્ચ ૧૮૬૨ ફર્નાડ - ઇશીડોર - વિડાલ, ફ્રેન્ચ તબીબ અને બેકટેરીયોલોજીસ્ટ, ૧૮૯૬માં ટાઇફોઇડના તાવને જાણવાની પદ્ધતિ આપનાર
- ૧૦ માર્ચ ૧૮૬૭ લિયિયન ડી. વાલ્ડ - તેઓ અમેરીકન પબ્લીક હેલ્થ નર્સ હતા, તેઓ 'એન્જલ ઓફ હેનરી સ્ટ્રીટ.'
- ૧૦ માર્ચ ૧૭૯૭ જયોર્જ જુલિયસ પાઉલેટ સ્ક્રોપ : ઇંગ્લીશ જુઓલોજીસ્ટ પોલીટીક્સ ઇકોનોમીસ્ટ અને સંસદસભ્ય. તેઓ જીઓલોજી અને જવાળામુખી પર સંશોધન કરનાર
- ૧૧ માર્ચ ૧૯૧૫ જે.સી. આર. લિકલીડર - અમેરીકન કોમ્પ્યુટર સાયન્ટીસ્ટ - યુનિવર્સલ કોમ્પ્યુટર નેટવર્કનો આઇડિયા આપનાર
- ૧૧ માર્ચ ૧૮૯૦ વાનીઆર બુશ - અમેરીકન ઇલેકટ્રીકલ એન્જીનીયર, બીજા વિશ્વ યુદ્ધ વખતે પ્રથમ એનાલોગ કમ્પ્યુટર બનાવનાર
- ૧૨ માર્ચ ૧૯૧૮ રોબર્ટ ઇ. ગોટ્ટચોક - તેઓ અમેરીકન સંશોધક અને ઉદ્યોગપતિ હતા. ૧૯૫૩માં વાઇડ સ્કીન ફિલ્મ મૂવી પ્રોસેસના શોધક
- ૧૨ માર્ચ ૧૯૦૫ સી. ગુય સુઇત્સ - તેઓ અમેરીકન ઇલેકટ્રીકલ એન્જીનીયર હતા. હાઇડ્રોલીક પ્રેસ પર સંશોધન કરનાર

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - બિહારના શરદ યાદવ કયા પક્ષના પ્રમુખ છે?**
**જવાબ - જનતા દલ (યુ)**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) મૂળજીભાઇ પરમાર 'દધિ' - સે-૭
(૩) નટુભાઇ દરજી : પેથાપુર
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) મૂળુભા મકવાણા : સે-૮
(૬) પ્રકાશ પ્રજાપતિ : સે-૨
(૭) જયેન્દ્ર પાઠક : સે-૬બી
(૮) નિમેષ એ. જરદોસ : સે-૨બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારત સરકારના કેન્દ્રીય રેલ્વેમંત્રી કોણ છે?**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ડ (૩) ક (૪) અ (૫) બ (૬) બ (૭) અ (૮) ડ (૯) બ (૧૦) અ
(૧૧) ક (૧૨) બ (૧૩) ડ (૧૪) બ (૧૫) અ

# ગુજરાતમાં એવી ઘણીબધી જાગ્રત સંસ્થાઓ છે કે જે શિક્ષણમાં રસ ધરાવે છે, એટલું જ નહિ, અવનવા પ્રયોગો પણ કરે છે, ઘણી બધી એવી વ્યક્તિઓ પણ છે કે જે આવા કામમાં ધન વાપરે છે

## પરિશ્રમ - પુરસ્કાર (એક શૈક્ષણિક પ્રયુક્તિ)

'શીર્ષક વાંચી કાંઇ થયું?'

'હા, થયું. આવા તો અનેક પુરસ્કારો સરકાર તરફથી જાહેર થાય છે, અને...'

'ના, ના, મિત્ર, આ કોઇ સરકારી કે ખાનગી લેભાગુ સંસ્થાની જાહેરાત નથી કે નથી શ્રમ મંત્રાલય... તો?'

'આ તો તટસ્થ રીતે વાંચનાર માટેનો એક 'સૂચિત - પુરસ્કાર' છે. ભણતાં છોકરાઓ મહેનત કરતાં થાય, પરિશ્રમ કરતાં થાય એ માટેની એક શૈક્ષણિક પ્રયુક્તિ છે આ. આમાં મહેનતું વિદ્યાર્થીને પુરસ્કારવાની, પ્રોત્સાહન આપવાની વાત છે. '

કંઇક નવું લાગે છે હોં!

'છે જ મિત્ર. ત્રણ વર્ષ સુધી સરકારી પ્રાથમિક શાળા નં. ૨, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે જેનો અમલ થયેલ છે અને જેનાં સારાં પરિણામો આવ્યાં છે. એવો, જે કોઇને પણ અમલમાં મૂકવાનું મન થાય તે કોઇને પણ પૂછ્યા વગર અમલમાં મૂકી શકે તેમ છે. જેનું પેટંટ લેવામાં નથી આવ્યું એવો, કોઇ પણ માધ્યમની શાળામાં દાખલ કરી શકાય એવો, જાહેર જનતાની જાણ માટેનો આ છે એક સૂચિત પરિશ્રમ - પુરસ્કાર!'

'... તો... ઓ... ઓ...?'

તેનો અમલ કરાવનાર એક નિવૃત્ત આચાર્યને થયું કે, 'લાવને આને જાહેર જનતા સમક્ષ મુકું. ગુજરાતમાં એવી ઘણીબધી જાગ્રત સંસ્થાઓ છે કે જે શિક્ષણમાં રસ ધરાવે છે. એટલું જ નહિ, અવનવા પ્રયોગો પણ કરે છે. ઘણી બધી એવી વ્યક્તિઓ પણ છે કે જે આવા કામમાં ધન વાપરે છે. તેમના કાને, વેબસાઇટ મારફતે કે અન્ય રીતે વાત તો નાખવા દે. સારું કામ ચિંધ્યાનું પુણ્ય તો મળશે. કોણ કેટલું, કયારે, કયાં ને કેવી રીતે અમલમાં મૂકે છે એતો મારો 'ઉપરવાળો' જોશે. ગીતાએ એકલો એકલો સ્વાદ લે તેને ચોર કહ્યો છે. આનંદ તો વહેંચવાથી વધે છે. તેથી તે આચાર્યને થયું કે, હું અહીં એકલો બેઠો બેઠો કુલડીમાં ગોળ ભાંગીને ખાઉં એના કરતાં આનો સ્વાદ શિક્ષણમાં પડેલાં બધાને ચખાડું તો કેવું? આમાંથી કોઇ દુષ્યપરિણામો તો નીપડે એમ જ નહિં. લાભ, લાભ ને લાભ જ છે. કોણ, કયાં ને કેવી રીતે અમલમાં મૂકે છે એના ઉપર તેના વધતાં - ઓછાં પણ સારાં જ પરિણામોનો આધાર છે. ખરાબ પરિમાણો તો આવે એમ છે જ નહિં. સારાં જ પરિણામો આવે એમ છે. ને તે કેટલા બધાં? અ-ગણિત જ. ઘણા વિદ્યાર્થીઓની જીવન દિશા જ બદલી નાખે એવો છે આ પ્રોજેક્ટ. મારા ૩૮ વર્ષના શૈક્ષણિક અનુભવોના નિચોડરૂપ છે આ 'પરિશ્રમ - પુરસ્કાર.'

'બસ, બસ, હવે. કંઇક બુદ્ધિમાં ઊતરે એવું, કંઇક વ્યવહારિક?'

- પરિશ્રમ - પુરસ્કાર પાછળની વિચારણી

સમાજનો મોટા ભાગનો વર્ગ વિચાર કરવામાં આળસુ છે. જાતે કાંઇ વિચારવું નહિં. અગાઉથી ચાલી આવેલી વાત સ્વીકારી લેવી બસ. સંસ્કૃતમાં એને ગતાનુગતિકો લોકઃ । ઉક્તિમાં દર્શાવેલ છે.

શિક્ષણમાં પ્રોત્સાહન કેવું કામ કરે છે એ તો સર્વવિદિત છે. પ્રોત્સાહન અનેક રીતે આપી શકાય છે. ચીલાચાલું રીતે જોઇએ તો પરીક્ષામાં પહેલો, બીજો કે ત્રીજો નંબર લાવનારને ઇનામ આપવામાં આવે છે. આ વિશે ટૂંકમાં વિચારીએ -

ધારો કે એક વર્ગમાં ૫૦ વિદ્યાર્થીઓ છે, તો તેમાંથી માત્ર ૩ ને જ પ્રોત્સાહન મળે તે યોગ્ય કહેવાય? ધારો કે પહેલાં ત્રણમાં આવવા માટે ૧૦ વિદ્યાર્થીઓ હરિફાઇ કરે છે તો તે ૧૦ ને જ પ્રોત્સાહન મળે તે યોગ્ય કહેવાય? બાકીના ૪૦ ને પણ પ્રોત્સાહન મળે તેનો વિચાર ન થવો જોઇએ? પ્રોત્સાહનને અભાવે તેઓ માત્ર પાસ થવા જેટલી જ મહેનત કરે છે. વહુ મહેનત, હરીફાઇ કરતાં નથી.

તો આ પરિશ્રમ - પુરસ્કાર એ ૪૦ ને હરિફાઇ કરતાં કરવા માટેનો છે. એ બિનઉપજાઉ મનાયેલી ઊખર જમીનને ફળદ્રુપ બનાવી મબલખ પાક લણવા આ પુરસ્કાર તાકે છે. યાદ રહે, 'ઉપજાઉ જમીન' કરતાં આ 'ઊખર જમીન' વધારે છે. માત્ર પ્રોત્સાહનને અભાવે એ જમીનમાં જે કસ છે, જે દટાયેલું છે ધન છે, જે ઉપજાઉં શક્તિ છે, તેનું ભાન જે તે વિદ્યાર્થીને નથી, તેનું ભાન તેને કરાવવા માટેનો આ પુરસ્કાર છે. વિદ્યાર્થીને જેવી પોતાના એ ખજાનાની ઓળખ થઇ કે તેનો ઉપયોગ થવા લાગશે. આ છે ( ). સ્વ - શક્તિની ઓળખ. આ સ્વ. પિછાણને અભાવે અનેક વિદ્યાર્થીઓની શક્તિ વપરાયા વગર તેમની સાથે જ લાકડાં ભેગી થઇ જાય છે. સમાજને એનું ભાન નથી. સમાજને કેટલું બધું નુકશાન થઇ રહ્યું છે? આ પુરસ્કાર આંગળી ચીંધીને તે દર્શાવે છે. વિદ્યાર્થીને ખભે હાથ મૂકીને કહે છે, 'જો બેટા, તું કેટલો બધો હોંશિયાર થઇ શકે એમ છે તે જો.'

યાદ કરો અનેક સંતો, મહંતો અને મહાપુરુષોને કે જેમણે અનેક ચોરો, લૂંટારાઓ, ગુંડાઓને તેમની છૂપી શક્તિઓનું ભાન કરાવી તેમનાં જીવનમાં જે ચમત્કારિક પરિવર્તનો કરેલાં છે તે. આપણો આ પુરસ્કાર તો શિક્ષણમાં જે ભૂ-વિભાગ ઊખર મનાયેલ છે અને જેણે ઉપજાઉ બનાવી શકાય એમ છે, એવા ભૂ-વિભાગનું માત્ર દર્શન જ કરાવતો નથી.

પરંતુ તેને ઉપજાઉં ભૂ-વિભાગ બનાવવાની પ્રયુક્તિ પણ દર્શાવી છે. ઘણી વાર ઊખર મનાયેલ જમીન, ફળદ્રુપ જમીન કરતાં વધુ ફળદાયી સાબિત થાય છે હો.

વળી આ પુરસ્કારમાં પેલી વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચેની અનુચિત હરિફાઇ આવતી નથી. વિદ્યાર્થીએ પોતે પરિશ્રમ કરી, પોતાને જ અતિક્રમી, પોતાને જ પાછળ પાડી દઇ, પોતે જ આગળ વધી, પોતાની હોંશિયારી વધારીને પુરસ્કાર પ્રાપ્ત કરવાનો છે. આ પ્રકલ્પનું કામ કરવા જે શિક્ષકો હોંશથી તૈયાર થાય, તેમને માનસિક કામ જ વધુ કરવાનું છે અને તે વર્ગમાં નબળાં મનાયેલ વિદ્યાર્થીઓમાં પરિશ્રમ કરવાની વૃત્તિ જાગૃત ન થાય એવામાં નિષ્ક્રિય રહેવા દઇ તેઓ સક્રિય થાય તેની રાહ જોવાની છે. આ પુરસ્કાર માત્ર હોંશિયારી બતાવનારને પ્રોત્સાહન આપવાને બદલે, પરિશ્રમ કરીને હોંશિયારી બતાવનાર અને પરિશ્રમ કરીને હોંશિયાર બનતાં જતાં વિદ્યાર્થીઓ માટેનો પુરસ્કાર છે. પુરસ્કાર પ્રાપ્ત કરનાર દર વર્ષે એક ને એક રહેતા નથી, બદલાતાં રહે છે.

આ પુરસ્કાર એટલે જન્મગત રીતે ઓછી બુદ્ધિના મનાયેલા, ઓછી હોંશિયારીવાળા, નબળા મનાયેલા, પોતાની શક્તિ વિશે અભાન એવા વિદ્યાર્થીઓને પોતાની શક્તિ વિષે સભાન કરી મહેનતું બનાવવા તે, તેમની અંદર છુપાયેલી ખજાનાની ચાવી તેમને આપવી તે...

તાજેતરમાં જ અમેરિકામાં ભણતાં ઠોઠ વિદ્યાર્થીઓને માત્ર પ્રોત્સાહનને જોરે ગણિત જેવો અઘરો મનાયેલો વિષય સારી રીતે શીખતાં બનાવાયાં છે એનો અહેવાલ છાપામાં આવ્યો છે. એ માત્ર પ્રોત્સાહનની કલામ દર્શાવે છે. આપણે આવું બધાં વિષયો માટે કેમ ન કરી શકીએ?

(ક્રમશઃ)

# સ્વભાવે શાંત એવા નારણ ગામમાં નિષ્ઠાપૂર્વકનો વેપાર કરે છે, તેથી ગામ લોકો તેની દુકાનેથી કરિયાણું લેવાનું રાખે છે, આવા શાંત સ્વભાવના નારણને ઘરમાં શાંતિ નથી, પત્ની તથા વૃદ્ધ માતાના રોજ રોજના ઝઘડાથી નારણ ત્રાસી ગયો છે

## વિરા રે વિરા

- નિરંજન ઓઝા

ભાવનગર જીલ્લાના ઘોઘા તાલુકાના લખડીયા ગામનાં નારણ પરિવાર સાથે રહે છે. ઘરમાં પત્ની તથા વૃદ્ધ માતા સાથે જીવન વ્યતિત કરી રહ્યા છે. પરિવારને પોષવા પુરતી નાની એવી કરિયાણાની દુકાન ધરાવે છે અને એમાંથી ત્રણ જણાંનો નિર્વાહ થઇ રહ્યો છે. સ્વભાવે શાંત એવા નારણ ગામમાં નિષ્ઠાપૂર્વકનો વેપાર કરે છે. તેથી ગામ લોકો તેની દુકાનેથી કરિયાણું લેવાનું રાખે છે. આવા શાંત સ્વભાવના નારણને ઘરમાં શાંતિ નથી. પત્ની તથા વૃદ્ધ માતાના રોજ રોજના ઝઘડાથી નારણ ત્રાસી ગયો છે. પરિવારમાં, જયારે કોઇ પણ નોકરીએથી કે બહારથી આવે ત્યારે તેને ચાહ કે નાસ્તા માટે પ્રથમ પુછવામાં આવે છે જયારે નારણના ઘરે તે સાંજના દુકાનેથી આવે ત્યારે ચાહ તથા નાસ્તાને બદલે પત્ની તથા મા ના ઝઘડાની ફરિયાદ સાંભળવા મળે, આથી ત્રાસી તથા શાંતિ માટે નારણ ગામમાં આવેલ નાના એવા બગીચામાં જઇને બેસતો. આમ મગજને શાંતિ મળ્યા પછી ઘરે પાછો ફરતો.

એક દિવસ તે સાંજના વહેલી દુકાન બંધ કરી ઘરે આવે છે ત્યાં ધમાસણ ઘરમાં ચાલતું હતું. તેથી શાંતિ માટે ગામમાં આવેલ બગીચામાં જઇ, બાકડાં ઉપર બેઠો હોય છે. ધીમો અવાજ આવે છે કે સાહેબ ઘરે આવવું છે? પાછળ ફર્યા સિવાય નારણ સામેથી કહે છે કે ઘરે આવી શું કરીશ? પ્રત્યુત્તર મળે છે કે તમારી અને મારી ભુખ મિટાવીશ અને પરિવાર ખાવા ભેગો થશે. આ સાંભળી હવે નારણ પાછો ફરીને જુએ છે તો એક સ્ત્રી દયામણાં મોઢે તેની તરફ જોઇ રહી છે. નારણ ધારી ધારીને જુએ છે અને તેને, તેની માસીની દીકરી 'પદમા' યાદ આવે છે, તેને બરોબર યાદ છે કે પદમાના લગ્ન જેની સાથે થયા હતા તે ભાઇ, દારૂના લતે ચઢી ગયા હતા અને પદમા ઘરકામ કરી, પૈસા ઘરે લાવતી હતી તેમાંથી દારૂ પી ઘરે પડી રહેતો હતો. આવા વિચારમાં ને વિચારમાં, નારણ તે સ્ત્રીને 'પદમા' તું? કહીને બોલાવે છે ત્યારે સામે ઊભેલી સ્ત્રી જવાબ આપે છે કે હું 'પદમા' નથી પરંતુ હું 'લક્ષ્મી' છું, મારું નામ લક્ષ્મી છે પરંતુ કામ... બીજું શું કરૂં? અટકી જાય છે... પરંતુ આમ કરવાનું કારણ? ત્યારે સ્ત્રી પોતાની કથની કહેતાં જણાવે છે કે મારે ઘેર હું, મારા અપંગ પતિ તથા પાંચ વર્ષની એક દીકરી છે. મારો પતિ કામ કરવામાં તો બહુ જ નિયમિત હતો પરંતુ એક દિવસ રાતની પાળીમાં, કપડાંના સંચા ઉપર કામ કરતા, ઝોકુ આવતાં, મશીનમાં પગ આવી જતાં, અપંગ થઇ ગયા છે, પૈસા મળ્યા, પણ બેઠા બેઠા કયાં સુધી ચાલે, આખો પરિવાર ભૂખથી ટળવળવા લાગ્યો, આથી મારે મારા પતિને ધંધો કરવાનું પુછવામાં આવતા, પહેલાં તો વિચાર કરવા લાગ્યો, તેને પણ મારાં ધંધા માટે શંકા ગઇ, પરંતુ પરિવારને પોષવા માટે ન છૂટકે ભગ્ન હૃદયે સંમતિ આપી. ત્યારથી આમ ચાલે છે બોલો સાહેબ બીજું મારાથી શું થાય?

તારાથી બધું થાય તેમ છે, બોલ તું કરીશ? તારા પરિવારને પોષવાની જવાબદારી મારી, તારો અપંગ પતિને વ્હીલચેર પણ અપાવીશ અને મારી દુકાને રાખીશ, પરંતુ હું ઘરના કજીયાથી કંટાળી ગયો છું. ઘરકામને લીધે, ઘરમાં સાસુ-વહુના ઝઘડા રોજ થાય છે. કોઇ કોઇ વખત પત્ની કહેતી કે સાસુમાને કોઇ શારીરિક તકલીફ નથી. બે ટંક મઝાના ખાય છે અને મઝા કરે છે ઘરનું કોઇ પણ કામ કરવું નથી. પરંતુ દરેક કામમાં ટક ટક કરે છે. જયારે માતા કહે છે કે તારી વહુને કોઇ બિમારી નથી, કામ કરવું નથી તેથી બિમારીનું બહાનું કાઢે છે. કામ કરતાં કિડી ચટકા ભરે છે. આમ બંને, ઘરકામ કરવાના બહાના કાઢી, ઝઘડો કરે છે, આ પરિસ્થિતિમાં તું મારા ઘરનું ઘરકામ કરીશ? તારી તથા તારા પરિવારની બધી જ મુશ્કેલીઓ હું દૂર કરીશ અને તારા ઘરકામ કરવાથી મને માનસિક શાંતિ પછી મળશે.

અજાણી સ્ત્રીએ નારણની વિનંતી સ્વીકારી, નારણ તે સ્ત્રીને ઘરે લાવે છે, સમય પસાર થયો ગયો. અને આજે પણ વર્ષો પછી તે સ્ત્રી, નારણને ઘરે કામ કરે છે, તેની દિકરી પણ મોટી થતાં, યોગ્ય જગ્યાએ લગ્ન લેવાય ગયા છે. તે અજાણી સ્ત્રીને એક વિરાનો સાથ મળ્યાનો આનંદ છે જયારે નારણ હવે સાસુ-વહુના ઝગડાથી મુક્ત છે.